# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# જામનગર , ગુજરાત
# તા. ૧૧-૧૦-૧૯૮૮, પ્રવચન ૪૯૮ માંથી
# પરમપારિણામિકભાવ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંવાદ

**મુમુક્ષુ:- मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी ।**
**मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम् ॥**
**सर्वमङ्गलमाङ्गल्यं सर्वकल्याणकारकं ।**
**प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥**

અધ્યાત્મયુગ પ્રવર્તક મહાન કહાન ગુરુદેવની પરંપરામાં થયેલા મહાન વિદ્વાન પૂજ્ય શ્રી લાલચંદભાઇની સાક્ષીમાં, (પૂજ્ય લાલચંદભાઇને) પરમપરિણામીકભાવ સ્વરૂપની જગ્યાએ રાખીને અમે બન્ને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સ્વાંગ ધારણ કરીને આ સંવાદ પ્રસ્તુત કરીએ છીએ.

**ઉત્તર:-** એ (સંધ્યાબહેન) સમ્યગ્દર્શનનો સ્વાંગ ધારણ કરે છે અત્યારે અને આ (નીલમબહેન) સમ્યગ્જ્ઞાન છે. એ બન્નેનો વાદવિવાદ થશે. અને પરમપારિણામિકભાવ અહીં, એ આત્મા છે.

**મુમુક્ષુ:-** પરમપારિણામિકભાવ એ તો સ્વભાવ જ છે.

**ઉત્તર:-** આ તો સ્વાંગ છે, આ બધા.

**મુમુક્ષુ:-** પરમપારિણામિકભાવ તો સ્વભાવ જ છે.

**મુમુક્ષુ:-** સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનની જોડી, કોઈ ન શકે તોડી.

**ઉત્તર:-** એક સાથે જ છે ને? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એક સાથે જ પ્રગટ થાય છે, એક સાથે રહે છે. હવે સમ્યગ્દર્શન બોલે છે.

**સમ્યગ્દર્શન:-** હે પરમપારિણામિકભાવ સ્વરૂપ જ્ઞાયક પરમાત્મન્! તમને સમ્યક્ શ્રદ્ધાનો પ્રણામ સ્વીકાર હો, સ્વીકાર હો, સ્વીકાર હો!

**સમ્યગ્જ્ઞાન:-** હે પરમપારિણામિકભાવ સ્વરૂપ જ્ઞાયક પરમાત્મન્! તમને સમ્યગ્જ્ઞાનનો પ્રણામ સ્વીકાર હો, સ્વીકાર હો, સ્વીકાર હો!

**સમ્યગ્દર્શન:-** બન્ને મળીને પુન: પુન: નમસ્કાર કરીને આપશ્રીની સાક્ષીમાં અમે અમારા સ્વરૂપને ખુલ્લું કરીએ છીએ.

**સમ્યગ્જ્ઞાન:-** હે શ્રદ્ધા! હું આત્મવસ્તુને કથંચિત્ અભેદ અને કથંચિત્ ભેદસ્વરૂપ જાણું છું. નિત્ય-અનિત્ય, એક-અનેક, અપરિણામી-પરિણામી, દ્રવ્ય-પર્યાય સ્વરૂપ, उत्पादव्ययध्रौव्ययुक्तं સત્, એટલે કે વસ્તુ જેવી છે એવી બે પડખાવાળી જાણું છું. તું પણ મારી જેમ જ વસ્તુને એવી માન,

એવી માન!

**સમ્યગ્દર્શન:-** ના ભાઈ જ્ઞાન! એમ ના બને. એવું તો બને જ નહિ. એમાં તો હું મિથ્યા થઈ જઇશ!

**સમ્યગ્જ્ઞાન:-** કેમ? કેમ મિથ્યા થઈ જઇશ? હું તો દ્રવ્ય-પર્યાય સ્વરૂપને જાણું છું, એમાં હું તો સમ્યક્ રહું છું. તું મિથ્યા કેમ થઈ જાય? તું મિથ્યા થવાનો ભય ના કર. તું પણ એમાં જ સમ્યક્ થઇશ. કેમ બરાબર છે ને?

**સમ્યગ્દર્શન:-** અરે ભાઈ જ્ઞાન! જેમાં તું સમ્યક્ રહે છે એમાં હું પણ સમ્યક્ રહું, એમ નથી. કેમ કે આપણા બન્નેનો nature (સ્વભાવ) ફરક-ફરક છે. હું તો નિર્વિકલ્પ છું અને મારો વિષય એક જ હોય. અને મારામાં સર્વથાપણું જ હોય છે, મારામાં કથંચિત્પણું ન હોય. મને કથંચિત્ આવડતું જ નથી, મને જે દેખાય છે એ સર્વથા જ દેખાય છે. હું શું કરૂં? મારો સ્વભાવ જ સર્વથા તરીકે જ દેખવાનો છે.

**સમ્યગ્જ્ઞાન:-** હા શ્રદ્ધા! એ તો બરાબર છે કે તારો સ્વભાવ નિર્વિકલ્પ છે, તારામાં સર્વથાપણું જ છે.

**સમ્યગ્દર્શન:-** એટલે જ તો! હે ભાઈ જ્ઞાન! અનંત-અનંતળકાથી હું પોતાના સર્વથા શુદ્ધ, પરિપૂર્ણ, અનંત-અનંત ગુણમય અભેદ-જ્ઞાતા સ્વભાવને સર્વથા અશુદ્ધ-અપૂર્ણ દોષી માનતી હતી. હવે આપશ્રીની અનંત-અનંત પરમકૃપાથી, આપશ્રીના શુદ્ધનય સ્વરૂપ કલ્યાણકારી માર્ગદર્શનથી, આપે મારા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, પરિપૂર્ણ કૃતકૃત્ય પરમાત્મસ્વરૂપ, સ્વયં સિદ્ધ સ્વરૂપ, આહાહા! ભગવાન આત્મસ્વરૂપ દેખાડ્યો છે, દર્શાવ્યો છે. અને મેં પણ મારા સ્વરૂપને એવું જ માની લીધું છે કે હું તો નિત્યનિરાવરણ-અખંડ-પ્રત્યક્ષ-પ્રતિભાસમય પરિપૂર્ણ જ્ઞાયક પરમાત્મા છું. સર્વથા શુદ્ધ જ છું, પૂર્ણ જ છું, નિષ્ક્રિય શુદ્ધ જ્ઞાયકભાવરૂપે જ છું, અભેદ જ છું. મને એટલું જ દેખાય છે, એ સિવાય બીજું કશું પણ મને દેખાતું નથી. એમાં જ મારું સમ્યક્પણું છે.

**સમ્યગ્જ્ઞાન:-** એમ! તું સર્વથા શુદ્ધ સ્વભાવ, પરમાર્થ સ્વભાવથી અભેદ છો, નિર્વિકલ્પ છો. વાહ! બહુ સારું. હવે હું તને કથંચિત્નો આગ્રહ કદી ન કરું.

**સમ્યગ્દર્શન:-** હા પ્રભુ જ્ઞાન! જો મને કથંચિત્માં આવવાનું કહેશો તો હું મિથ્યા થઈ જઇશ. અને મારા મિથ્યા થતાં તમે પણ મિથ્યા થઈ જશો. મારા મરણ સાથે જ તમારું મરણ પણ જાણો!

**સમ્યગ્જ્ઞાન:-** એમ! ઓહોહોહો! તો મારે એવું નથી કરવું. અનંતકાળથી હું પણ તારા સમ્યક્પણા વિના મિથ્યા રહ્યો છું, કથંચિત્ના પક્ષમાં રહ્યો છું, નિત્ય-અનિત્યનો જ્ઞાતા નથી થયો. હવે હે શ્રદ્ધા! તું તારા સર્વથા શુદ્ધ સ્વભાવમાં નિશ્ચલ રહે. હું કોઈ દિવસ તને કથંચિત્માં નહિ લાવીશ.

**સમ્યગ્દર્શન:-** હા ભૈયા જ્ઞાન! આત્મા તો સર્વથા શુદ્ધ જ છે ને? આહાહા! હું તો પરિપૂર્ણ, નિર્વિકલ્પ, અભેદ પરમાત્મા છું. હું તો સર્વથા નિત્ય જ્ઞાતા સ્વરૂપે જ છું. હે ભાઈ જ્ઞાન! હવે તમે પણ જેટલો હું શ્રદ્ધું છું એટલો ચૈતન્ય સામાન્ય આત્મા છે, કેવળ એને જ તમે પણ આત્મા જાણો, સર્વથા દ્રવ્યને જ જાણો. તમે શું કામ પર્યાયને જાણો છો? એ તો પરદ્રવ્ય છે ને? તમે મારી વાત માનો કે

એકલા દ્રવ્ય સ્વભાવને જ જાણો. તમે પણ સર્વથામાં આવી જાઓ ને?

**સમ્યગ્જ્ઞાન:-** અચ્છા! હે શ્રદ્ધા! જેમ તારા સ્વભાવમાં સર્વથા એકાંત છે એવું મારા સ્વભાવમાં સર્વથા એકાંત નથી. મારા સ્વભાવમાં તો અનેકાંતપણું છે, કથંચિત્પણું છે, હું સ્યાદ્વાદરૂપ છું. હું જો સર્વથા એકાંતમાં જાઉં તો હું મિથ્યા થઈ જાઇશ, મરી જાઇશ.

**સમ્યગ્દર્શન:-** અરે! હું તો સર્વથામાં જ સમ્યક્ રહું છું અને તમે સર્વથામાં સમ્યક્ નહિ? તમે એમાં મિથ્યા થઈ જશો? મરી જશો?

**સમ્યગ્જ્ઞાન:-** હા! હું સર્વથા એકાંતમાં સમ્યક્ નથી થતો. સર્વથામાં તું સમ્યક્ અને કથંચિત્માં હું સમ્યક્. કથંચિત્માં તું મિથ્યા અને સર્વથામાં હું મિથ્યા. હવે તો આપણા બન્નેનો સમ્યક્ થવાનો કાળ પાકી ગયો છે. કેમ કે આપણા ઉપર પૂજ્ય શ્રી લાલચંદભાઈ જેવો પારિણામિક સ્વભાવ મળી ગયો છે ને? એટલે હવે તો બન્નેનો સમ્યક્ થવાનો કાળ પાકી ગયો છે. એટલે તું સર્વથા શુદ્ધ પરિપૂર્ણ મુક્ત અભેદ જ્ઞાયકભાવમાં જ રહે અને હું પણ તારો જે આત્મા છે એ જ મારો આત્મા છે, તને જે ઉપાદેય છે એ જ મને ઉપાદેય છે. એમાં તો હું તારી સાથે છું, પણ...

**પરમપારિણાકમિકભાવ:-** પણ...

**સમ્યગ્દર્શન:-** પણ...

**સમ્યગ્જ્ઞાન:-** પણ જાણવા માટે મારે તારા કરતા (સિવાય) બીજું પણ પડખું છે.

**પરમપારિણાકમિકભાવ:-** છે!

**સમ્યગ્દર્શન:-** હે જ્ઞાન! તું શુદ્ધનયના સ્વરૂપમાં તો મારી સાથે છો. એટલે તું મારી સાથે તો છો ને! એ બહુ સારું, બહુ સરસ, પણ...

**સમ્યગ્જ્ઞાન:-** પણ શું? મારી એક વિશેષતા છે. મારો સ્વભાવ જ સવિકલ્પ છે એટલે બધું જાણવું. દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ, उत्पादव्ययध्रौव्ययुक्तं सत्, ભેદાભેદ સ્વરૂપ, કથંચિત્ રહિત અને કથંચિત્ સહિત, આત્મા અને આત્માશ્રિત આનંદ આદિને જાણવું એવો મારો સહજ સ્વભાવ છે. અને જ્યારે હું આખી વસ્તુ દ્રવ્ય-પર્યાય સ્વરૂપને જાણું છું ત્યારે જ તું પણ સમ્યક્ નામ પામે છે. એ પહેલા તો તું પણ મિથ્યા હતી. હે શ્રદ્ધા! તારા પક્ષથી મારો સ્વભાવ એકલો નિશ્ચયથી સ્વપ્રકાશક જ છે. અને જ્ઞાનની અપેક્ષાએ, એટલે જાણવાની અપેક્ષાએ મારો સ્વભાવ નિશ્ચય સ્વપરપ્રકાશક છે, અને વ્યવહાર સ્વપરપ્રકાશક પણ છે. કેમ બરાબર છે ને?

**સમ્યગ્દર્શન:-** બરાબર છે.

**હવે પરમપારિણામિકભાવ સમ્યકશ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનને આશીર્વાદ આપે છે.**

**પરમપારિણાકમિકભાવ:-** (હે) નિર્દોષ સમ્યક્ શ્રદ્ધા! હે નિર્દોષ સમ્યગ્જ્ઞાન! તમે બન્ને એક સાથે સંપીને રહો છો, એટલે સમ્યક્ એકાંત પૂર્વક અનેકાંત થાય છે. એ બહુ સારું છે. એવો જ તમારો બન્નેનો સ્વભાવ છે. સમ્યકશ્રદ્ધા-સમ્યગ્જ્ઞાન સ્વરૂપ જ્ઞાન-દર્શન જયવંત વર્તો. ધ્યેય પૂર્વક જ્ઞેયની સંધિ, સ્વરૂપ વીતરાગ સર્વજ્ઞપણું જયવંત વર્તો! જયવંત વર્તો!

**સમ્યકશ્રદ્ધા-સમ્યગ્જ્ઞાન બન્ને મળીને કહે છે:-** હે પારિણામિકભાવ! હે પરમપારિણામિકભાવ સ્વરૂપ પરમાત્મન્! હે પ્રભો! અમે બન્ને આપના આશ્રયે આપની અનંત-

અનંત કૃપાથી પ્રગટ થયા છીએ. અમારું સર્વસ્વ તો આપ જ છો. અમે આપમયી જ છીએ.

પરમપરિણામિકભાવ:- ભલે તમે બન્ને કહો છો કે મારા આશ્રયે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે, પણ એમ છે નહિ. તમે પ્રગટ થાવ છો ત્યારે તમારું લક્ષ મારા ઉપર છે, એટલે મારા આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું, એવો ઉપચાર આવે છે. ખરેખર તો તમારા બન્નેની પર્યાય સત્ - તમારાથી પ્રગટ થઈ છે. અમે એના કર્તા પણ નથી અને અમે એના કારણ પણ નથી, અમે તો જાણનાર છીએ.

**સમ્યક્શ્રદ્ધા-સમ્યગ્જ્ઞાન બન્ને મળીને કહે છે:-** જાણનાર ભગવાન આત્માનો જય હો! જ્ઞાયક દેવનો જય હો! પરમપારિણામિકભાવનો જય હો!

**મુમુક્ષુ:-** સ્વયંપ્રભુનો જય હો!

**ઉત્તર:-** સમ્યક્ એકાંત પૂર્વક (સમ્યક્) અનેકાંત (થાય છે) ...

**મુમુક્ષુ:-** સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તત્કાલની યોગ્યતા, આપને કારણે નહિ?

**ઉત્તર:-** ના બિલ્કુલ નહિ. અમને કારણ-બારણ કોઈ કહેશો (નહિ). એ સૌ સૌની યોગ્યતા પ્રમાણે પર્યાય પ્રગટ થાય છે. અમે તો અકર્તા અને અકારણ છીએ. આહાહા! અમે કોઈનું કારણ-બારણ નથી. પર્યાયનું કારણ પર્યાયમાં, પર્યાયનો કર્તા પર્યાય છે, હું કર્તા-ભોક્તા નથી. મારી હાજરીમાં થાય છે એટલું બરાબર છે, પણ મારા કારણે થાય છે, એમ છે નહિ. એમ અમને કહેશો (નહિ). આહાહા!

**મુમુક્ષુ:-** આપની વાત અમને શિરોમાન્ય છે કેમ કે એમાં જ અમારું કલ્યાણ છે.

**ઉત્તર:-** તો ઠીક, કલ્યાણ છે!

**મુમુક્ષુ:-** શિરોમાન્ય થયું ત્યારે તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું. એમાં જ અમારું કલ્યાણ છે.

**ઉત્તર:-** બરાબર છે. એમાં જ કલ્યાણ છે.

**મુમુક્ષુ:-** ભાઈ! આટલું બધું નિરપેક્ષ અને સ્વતંત્ર?

**ઉત્તર:-** હા! બે સત્ અલગ-અલગ છે ભાઈ! કોઈને કારણે કોઈ છે નહિ. દ્રવ્યને કારણે પર્યાય નથી અને પર્યાયને કારણે દ્રવ્ય નથી. બે સત્ જ્યારે પ્રત્યક્ષપણે સ્વીકાર સ્વીકારશો, નિરપેક્ષ, ત્યાર પછી સાપેક્ષનો વ્યવહાર આવે, કે આત્માને આશ્રયે થાય, આત્માની કૃપાથી થયું, એ બધું વ્યવહાર કહેવાય.

**મુમુક્ષુ:-** વાહ! પરમપરિણામિકભાવની કરુણા ઘણી.

**જાણનાર ભગવાન આત્માનો જય હો!**

**જ્ઞાયક દેવનો જય હો!**

**પરમપારિણામિકભાવનો જય હો!**